# ધોરણ-૧૨ વિજ્ઞાન-સામાન્ય પ્રવાહની પરીક્ષા પહેલી જુલાઈથી

## મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી ઉચ્ચ સ્તરિય બેઠકમાં નિર્ણય લેવાયો : વાર્ષિક પરીક્ષાઓ રાબેતા મુજબની પદ્ધતિએ યોજાશે, દરેક પરીક્ષા ખંડમાં ૨૦ વિદ્યાર્થી, ધોરણ-૧૦ના રિપીટરની પરીક્ષા પણ આ પ્રમાણે જ લેવામાં આવશે

ગાંધીનગર તા ૨૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને મળેલી ઉચ્ચસ્તરીય બેઠક દરમિયાન ધો -૧૨ ની બોર્ડ પરીક્ષા યોજવા અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે ધો ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની પરીક્ષા આગામી તા ૧ જુલાઈના રોજ લેવાનો નિર્ણય લેવાયો હતો. બોર્ડ પરીક્ષા રાબેતા મુજબની પધ્ધતિ પ્રમાણે લેવાશે જયારે કોરોના સંક્રમણને અનુલક્ષી એસ ઓ પી નુ ચુસ્ત પાલન કરવામાં આવશે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ રાજય શિક્ષણમંત્રી વિભાવરી બેન દવેએ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સમગ્ર રાજયમાં ૧.૪૦ લાખ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહ તેમજ ૫.૪૩ લાખ વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપશે.બન્ને પ્રવાહમાં કુલ ૬.૮૩ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે. વિદ્યાર્થીઓની કારકીંદી માટે મહત્વની આ બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવા માટે આ બેઠક દરમિયાન ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી જેમાં કોવિડ -૧૯ ના પ્રોટોકોલ ચુસ્ત પાલન સાથે પરીક્ષાનુ આયોજન કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે પરીક્ષા પધ્ધતિ પણ રાબેતા મુજબની રહેશે. જેમાં દરવર્ષની જેમ વિજ્ઞાન પ્રવાહના ભાગ -૧ માં ૫૦ ગુણના એમ સી કયુ આર તેમજ ભાગ-૨માં વર્ણનાત્મક લેખિત સ્વરૂપની ૫૦ ગુણની પરીક્ષા લેવાશે પરીક્ષાનો સમય પણ ૩ કલાકનો રહેશે. જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં દર વર્ષની પધ્ધતિ મુજબ લેવાશે. જેમાં ૧૦૦ ગુણની વર્ણનાત્મક લેખિત પરીક્ષા લેવાશે. પરીક્ષાની બેઠક વ્યવસ્થામાં પણ યોગ્ય સોસિયલ ડીસ્ટન્સીંગ, માસ્કનો ફરજિયાત ઉપયોગ , પરીક્ષા કેન્દ્ર પર સેનેટાઈઝરનો ઉપયોગ, થર્મલ ગન સહીત કોરોના નિયંત્રણ માટેની ગાઈડ લાઈનનુ યોગ્ય પાલન કરાશે. વિદ્યાર્થીઓમાં કોરોનાનુ સંક્રમણ ન ફેલાય તે મુજબ પરીક્ષા નુ આયોજન કરાશે. વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર શાળાથી નજીક મળી રહે તે મુજબની પણ વ્યવસ્થા કરાશે. પરીક્ષા ખંડ સી સી કેમેરાથી સજ્જ રહેશે જયારે એક વર્ગ ખંડમાં એક જ વિદ્યાર્થી બેસે તેવી વ્યવસ્થા કરાશે.

જયારે બોર્ડ પરીક્ષા દરમિયાન કોરોનાના સંક્રમણના લીધે ગેરહાજર રહ્યા હોય તેવા વિદ્યાર્થીઓ માટે મુળ પરીક્ષા ના ૨૫ દિવસ બાદ લેવાશે. જે માટે નવા સમયપત્રક મુજબ નવા પ્રશ્નપત્ર આધારિત કસોટીનુ આયોજન કરાશે. આ દરમિયાન ધો -૧૦ ના રીપીટર વિદ્યાર્થીઓ માટે પણ આ મુજબ જ પરીક્ષાનુ આયોજન કરવામાં આવશે તેવો પણ નિર્ણય લેવાયો હતો. બોર્ડ પરીક્ષાને અનુલક્ષીને યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠક દરમિયાન મુખ્ય સચિવ અનિલ મુકીમ, મુખ્ય અગ્ર સચિવ કે કૈલાસનાથન, શિક્ષણ અગ્ર સચિવ અંજુ શર્મા , સચિવ અશ્વિનીકુમાર, શિક્ષણ સચિવ વિનોદ રાવ સહીત શિક્ષણ બોર્ડના અધ્યક્ષ એ જે શાહ ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લામાંથી ૧૯ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

ગાંધીનગર જિલ્લામાં પણ વિજ્ઞાન પ્રવાહના ૫ હજાર અને સામાન્ય પ્રવાહના ૧૫ હજાર વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા આપશે. લાંબા સમયથી બાર્ડ પરીક્ષાની તારીખ જાહેર થાય તેની વાટ જોવાતી હતી ધો -૧૦ની પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય લેવાયા બાદ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર થાય તે અંગે ઉત્સુક હતા જયારે આજે મુખ્યમંત્રીની ઉચ્ચસ્તરીય બેઠકના અંતે તા ૧ જુલાઈથી બાર્ડ પરીક્ષા લેવાનો નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો થયો હતો. જિલ્લામાંથી અંદાજિત ૧૯ હજાર વિદ્યાર્થીઓ વિજ્ઞાન તેમજ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપશે. જયારે પરીક્ષાની તારીખ જાહેર થતા જિલ્લા શિક્ષણ તંત્ર પણ જરૂરી તૈયારીમાં લાગી ગયુ છે. એક જ વર્ગખંડમાં માત્ર ૨૦ જ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા કરવાની હોવાથી પરીક્ષા કેન્દ્રો તૈયાર કરવા માટે પણ ગતિવિધિઓ શરૂ કરી દેવામાં આવી છે.

## જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાને પગલે કૃષિક્ષેત્રે રૂ. ૧ કરોડથી વધુ નુકશાનનો અંદાજ

### જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાને પગલે થયેલ વરસાદથી ૨૧૫૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં ઉનાળુ પાકને નુકશાન થયાનો પ્રાથમિક અંદાજ

ગાંધીનગર, તા. ૨૫

તાઉ-તે વાવાઝોડાને કારણે જિલ્લામાં ઉનાળુ વાવેતરને રૂ. એક કરોડથી વધુ નુકશાન થયાનો પ્રાથમિક અંદાજ છે.

જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાને પગલે થયેલ વરસાદથી ૨૧૫૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં ઉનાળુ પાકને નુકશાન થયાનો પ્રાથમિક અંદાજ તંત્ર દ્વારા હાલ મુકવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ઉનાળુ બાજરીના પાકને વધુ નુકશાન થયુ છે. આ પછી જુવાર અને ડાંગરનો પાક આવે છે. તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે નુકશાન અંગેનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરી અને કલેક્ટરશ્રીને રજુ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં ઉનાળુ પાકમાં સૌથી વધુ નુકશાન દહેગામ, માણસા અને ગાંધીનગર તાલુકામાં જોવા મળેલ છે. કલોલમાં પણ નુકશાન થયુ છે.

જિલ્લામાં સર્વે અને નુકશાનના પ્રાથમિક અંદાજો તૈયાર કરવાની કામગીરી હાલ તેના અંતિમ તબક્કામાં છે અને તે અંગેનો વિગતવાર અહેવાલ એકાદ-બે દિવસમાં આખરી કરી સરકારને મોકલી આપવામાં આવશે. આ પછી સરકાર દ્વારા સહાય ચુકવણીના આદેશ થઈ આવેથી સહાય ચુકવવાની કામગીરી હાથ ધરાશે તેમ જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.



ગાંધીનગરની શોભા - ગાંધીનગરમાં ગ્રીષ્મની સાથે સાથે શોભા વધારતા ગુલમહોરને નિહાળવાની પણ એક મજા છે... ગાંધીનગરમાં ગરમાળો અને ગુલમહોર અદ્દભૂત સૌંદર્યનું નિર્માણ કરે છે... શહેરના મુખ્ય માર્ગોની બંને બાજુ આ બંને લીલા-પીળા રંગોથી મઘમઘતા ફુલો પ્રાકૃતિક સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે... શહેરમાં પ્રકૃતિનો વૈભવ તો બારેમાસ હોય છે... પરંતુ ગ્રીષ્મમાં કંઈક ઔર જમાવટ થાય છે... રંગબેરંગી ફુલોથી શોભાયમાન હરિયાળી નગરની એક આગવી શોભા બની રહે છે...

## રાજ્ય ચૂંટણી પંચના સચિવ તરીકે જી. સી. બ્રહ્મભટ્ટ નિમાયા

ગાંધીનગર, તા. ૨૫

રાજ્ય ચૂંટણી પંચના સચિવ તરીકે રાજ્ય સરકારે ૨૦૦૪ની બેચના નિવૃત્ત સનદી અધિકારી જી.સી. બ્રહ્મભટ્ટની નિયુક્તી કરી છે.

રાજ્ય ચૂંટણી પંચના વર્તમાન સચિવ મહેશ જોશી ૩૧-૫-૨૦૨૧ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. મહેશ જોશીના કાર્યકાળ દરમ્યાન બે સામાન્ય ચૂંટણીઓ પંચાયતી રાજના કરવામાં આવ્યા છે. રાજ્ય ચૂંટણી પંચની આગવી ઓળખ ઉભી કરવાની દિશામાં તેમણે નોંધનીય યોગદાન આપ્યુ હતુ. જોશીએ એક વર્ષ સુધી ચૂંટણી કમિશનર તરીકેની જવાબદારી પણ સંભાળી હતી. ૮ વર્ષ સુધી તેમણે આ પદનો કાર્યભાર સંભાળ્યો છે.

## આજે યમુનાષ્ટક સ્તોત્ર તથા શિવમહિમ્ન સ્તોત્રના પાઠ સાથે જય અંબે પરિવારના કાર્યક્રમનું સમાપન

ગાંધીનગર તા.૨૫

સમગ્ર વિશ્વમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે અને કોરોનાના ખપ્પરમાં અસંખ્ય માનવીઓ કવેળાએ યમલોક સિધાવી ગયા છે. ગાંધીનગરના જય અંબે પરિવાર દ્વારા વિશ્વ સ્તરે કોરોના મહામારીથી દિવગંત બનેલા દર્દીઓની આત્માની શાશ્વત શાંતિ અને સદગતિ માટે ઓનલાઈન માધ્યમથી 'મા ભગવતી જગદંબાની વિશેષ આરાધના'નું આયોજન કરવામાં આવ્યું હતું જેનું આવતીકાલે તા. ૨૬મી મે બુધવારે સમાપન યોજાશે.

આ પ્રસંગે બુધવારે રાત્રે ૮.૦ કલાકે યમુનાષ્ટક સ્તોત્ર તથા શિવમહિમ્ન સ્તોત્રના પાઠમાં ઓનલાઈન યોજાશે જેમાં ભાવિકો ઝૂમ ક્લાઉડ મિટિંગના માધ્યમથી જોડાઈ શકશે જેનો સમય ૪૦ મિનિટ રહેશે. આ કાર્યક્રમમાં જોડાવા માટે ઝૂમ ક્લાઉડ મિટિંગના આઈડી ૭૫૭ ૫૧૧૬ ૨૦૭૫ અને પાસકોડ xxqx4Lનો ઉપયોગ કરવાનો રહેશે.

## મજુરોના અભાવે સર્વિસ રોડનુ કામ બાકી રહ્યુ અને અન્ડર પાસમાં પાણી ભરાયુ...!!

ગાંધીનગર તા ૨૪

વાવાઝોડા અને વરસાદના સંજોગોમાં શહેરીજનોમાં પ્રબળ આક્રોશનુ કારણ બનેલા અન્ડર પાસ અને સે-૨૧ ના પાર્કીંગ પર સર્જાયેલી સ્થિતિ અંગે કોર્પોરેશનના સીટી ઈજનેરે ખુલાસો કરતા જણાંવ્યુ છે કે વાવાઝોડા અને વરસાદ દરમિયાન ઘ-૪ ના અન્ડર પાસમાં પાણી ભરાઈ ગયા હતા. જયારે નવ નિર્મિત અન્ડર પાસ બંધ કરી દેવામાં આવ્યો હતો. અન્ડર પાસને અનુલક્ષી સર્વિસ રોડ , બગીચો અને પાણી ખેંચવા માટે સમ્પ વેલની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ કોવિડની બીજી લહેર દરમિયાન હોળી ધુળેટીના પર્વમાં મજુરો પણ સ્થળાંતર કરી ગયા હતા જેના લીધે સર્વિસ રોડનુ કામ પણ ઠપ્પ થઈ ગયુ હતુ. આ દરમિયાન સર્વિસ રોડ પર માટીકામ ઉપર ભરાયેલુ પાણીને જવાનો કોઈ રસ્તો ન મળતા અન્ડર પાસમાં ભેગુ થયુ હતુ.

જયારે જમા થયેલુ વરસાદી પાણી પણ પમ્પથી ખેંચવામાં આવ્યુ હતુ. અને અન્ડર પાસ પણ બંધ કરી દેવાયો હતો. સે-૨૧ ના પાર્કીંગમાં પણ પાણીનો ભરાવો ન થાય તે માટે ગટર લાઈન તેમજ સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનુ કામ હાથ ધરાયુ છે જયારે આ દરમિયાન ખોદકામ કરેલુ હતુ ત્યારે વરસાદ વરસતા માટી બેસી જવાના લીધે વાહનો ફસડાયા હતા. ફસાયેલા વાહનો બહાર કાઢી ખાડાઓ પુરવા માટે પણ કામગીરી કરવામાં આવી છે.

## જિલ્લામાં આજે વધુ ૫૪ કેસ નોંધાયા : ૧૯૩ ડિસ્ચાર્જ અપાયું

### ગાંધીનગરમાં ૫, દહેગામમાં ૧૦, કલોલમાં ૧, માણસામાં ૮ કેસ નોંધાયા : સે. ૭ અને કુડાસણમાં ૩-૩ કેસ, સે. ૩, ૬, ૧૯, ૨૭, પાલજ-ઝુંડાલમાં ૨-૨ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૫૪ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને ગાંધીનગર શહેરમાં ૩૦ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં રિકવરી રેટમાં નોંધપાત્ર સુધારો થયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૦, ગાંધીનગરમાં ૫, કલોલમાં ૧ અને માણસામાં ૮ કેસનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦ મહિલા દર્દીઓ છે. ૬ દર્દીની આયુ ૨૦ વર્ષથી ઓછી છે. જિલ્લામાં ૪ ખેડૂત અને ૭ વિદ્યાર્થીઓ પણ સંક્રમિતોની યાદીમાં સામેલ છે. દહેગામમાં આજે નોંધાયેલા ૧૦ કેસમાં દહેગામ અર્બનમાં, રખિયાલમાં ૨-૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત કે. વાસણા, પસુનિયા, ખાંટની બારડોલી, લહેરીપુરા, સાંપામાંથી પણ કેસ મળી આવેલ છે. ગાંધીનગર તાલુકામાંથી આજે વધુ પાંચ કેસ મળી આવેલ છે. જેમાં ચેખલારાણી ગામેથી ૩ કેસ મળેલ છે. આ ઉપરાંત સરઢવ અને ટીંટોડામાંથી પણ એક-એક કેસ મળી આવેલ છે. કલોલ તાલુકામાં આજે એક કેસ મળેલ છે. આ કેસ પણ કલોલ અર્બનમાંથી મળી આવેલ છે. માણસા તાલુકામાંથી નવા ૮ કેસ મળી આવેલ છે. જેમાં સૌલેયા, ખડાત અને મંડાલી ગામેથી ૨-૨ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત લાકરોડા અને પુંધરા ગામેથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૯૦૫૨ લોકો કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૫૭૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૫૦૩૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૩૦ કેસ નોંધાયા છે. શહેરમાં આજે સે. ૪ માંથી એક ૩ વર્ષીય બાળક સંક્રમિત થયેલુ મળી આવેલ છે. શહેરમાં આજે ૧૧ મહિલા દર્દી પણ સંક્રમિતોની યાદીમાં છે. ૬૦ થી વધુ વય ધરાવતા બે દર્દીઓનો પણ યાદીમાં સમાવેશ થાય છે.

શહેરના સે. ૭ માંથી ૩, સે. ૩, ૬, ૧૯, ૨૭ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૨, ૪, ૫, ૧૨, ૨૨ અને ૩૦ માંથી પણ કેસ મળી આવેલ છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં આજે કુડાસણમાંથી ૩, પાલજ અને ઝુંડાલ ગામેથી ૨-૨ કેસ ઉપરાંત ભાટ, જીઈબી, પેથાપુર, રાંદેસણ, રાયસણ, સરગાસણમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૧૫૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૮૪ ટકાથી ઉપર પહોંચ્યો છે.

## જિલ્લામાં કોરાનાના સામાન્યથી મધ્યમ લક્ષણો ધરાવતા દર્દીઓને આયુષ - ૬૪ ઔષધનું વિતરણ

ગાંધીનગર, તા.૨૫

મારૂ ગામ કોરોના મુક્ત ગામ અભિયાન અંતર્ગત આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા આયુષ -૬૪ (આયુષ મિનિટ્રી



દ્વારા સંશોધિત અને નેશનલ આયુષ મિશન દ્વારા અનુદાનિત) ઔષધનું ગાંધીનગર જિલ્લાના DCH - DCHC – CCC - CCCC- હોમ આઈસોલેશનના દર્દીઓને ગોળી વિતરણની સઘન ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ભારત સરકારના આયુષ મિનિટ્રીના નેશનલ આયુષ મિશન દ્વારા કોવીડ -૧૯ના દર્દીઓ માટે સંશોધિત કરેલ ઔષધ 'આયુષ - ૬૪' ટેબલેટ કે જે સામાન્યથી મધ્યમ લક્ષણો ધરાવતા દર્દીને ચિકિત્સા હેતું આપવાનો પ્રારંભ થયો છે.

નેશનલ આયુષ મિશન, નવી દિલ્હી અનુદાનિત તથા નિયામકશ્રી, આયુષની કચેરી, ગાંધીનગર દ્વારા નિર્દેશિત તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા આયુર્વેદ અધિકારી ગાંધીનગરના માર્ગદર્શનમાં 'મારુ ગામ કોરોના મુક્ત ગામ' અભિયાન હેઠળ આ કામગીરી માટે ગાંધીનગર જિલ્લાના તાલુકા દીઠ એક નોડલ ઓફીસર એમ કુલ ૪ નોડલ ઓફીસર આયુષની નિમણૂક કરવામાં આવી છે . નોડલ અધિકારીઓ દ્વારા DCH - DCHC - CCC - CCCC તેમજ હોમ આઈસોલેશનમાં રહેલ કોવીડ -૧૯ પોઝીટીવ દર્દીઓ માટે 'આયુષ - ૬૪' ઔષધોનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૫ જેટલા કોરોનાના સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓને આ ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું છે.

આ કામગીરી તાલુકા વિકાસ અધિકારીઓ તાલુકા આરોગ્ય અધિકારીઓ તેમજ તલાટીઓના સંકલનમાં રહીને કરવામાં આવી રહી છે. આ આયુષ - ૬૪ દવા લક્ષણો રહિત દર્દીને (૨-૨ ગોળી બે વાર) થી સામાન્ય થી મધ્યમ લક્ષણોવાળા દર્દીને (૨ -૨ ગોળી ત્રણ વાર ) ૨૦ દિવસ સુધી તેમની સંમતિ સાથે આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. તમામ દર્દીઓનું પ્રોટોકોલ પ્રમાણે નિયમિત રિપોટીંગ કરવામાં આવે છે. જિલ્લાના ૧૭ જેટલા આયુષ મેડિકલ ઓફિસર આ કામગીરીમાં જોડાયા છે.

આ કામગીરી સુચારૂ રીતે થાય તે માટે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી શાલિની દુહાન એ તમામ તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ તલાટીઓને સૂચના તથા માર્ગદર્શન આપ્યું છે.


નવમી પુણ્યતિથિએ
ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. જગદીશચંદ્ર શંકરલાલ દવે
વૈશાખ સુદ-૧૫ (વૈશાખી પૂર્ણિમા)

સદાય તમે હસનાર, જીવન એવું જીવ્યા જે પરિવારને પ્રેમ આપનાર, કુટુંબની લાગણીવાળા, બીજાને મદદ કરનાર, સમાજના સહભાગી, સિંહ જેવી ઉમદા ખુમારીવાળા, આપેન નીડરતા પૂર્વક જીવન જીવી ગયા, સમગ્ર કુટુંબીજનો માટે સદાયને અમારા પર આશીર્વાદ વહેતા રહે, એવા હૃદય-અંતરથી પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી શ્રદ્ધાંજલિ અમે આપને અર્પણ કરીએ છીએ...

લી.
ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જે. દવે
ધર્મા જે. દવે (પુત્રવધુ) જતીન જે. દવે (પુત્રી)
રીપા ટી. દવે (પુત્રવધુ) તુષાર જે. દવે (પુત્ર)
યોગિની એચ. દવે (પુત્રવધુ) હેમંત જે. દવે (પુત્ર)
દ્દષ્ટિ, વેદાંશી, નવ્યા (પૌત્રી)
સમસ્ત દવે પરિવાર
પ્લોટ નં. ૨૪૨/૨, સેક્ટર-૩એ/ન્યૂ, ગાંધીનગર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com